ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# ભારતમાં આદિવાસી સમુદાયમાં શૈક્ષણિક સ્થિતિનો અભ્યાસ

**ચૌધરી એલિશાબેન ગણેશભાઈ**

પીએચ.ડી. સ્કોલર,

અર્થશાસ્ત્ર વિભાગ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ.

**સારાંશ :**

આ સંશોધન અભ્યાસમાં ભારતના આદિવાસીઓમાં શિક્ષણની સ્થિતિની ચર્ચા કરવામાં આવી છે. જેમા ૧૯૬૧ થી ૨૦૧૧ સુધીના સમયગાળામાં આદિવાસીઓના શિક્ષણના પ્રમાણમાં કેટલો વધારો થયો છે. અને ભારતની સરખામણીએ આદિવાસીઓનાં શિક્ષણમાં કેટલો તફાવત રહેલો છે. તેની તપાસ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તથા રાજ્યવાર આદિવાસીઓમાં શિક્ષણનાં પ્રમાણની તપાસ કરવામાં આવી છે. ખાસ કરીને શિક્ષણ થકી આદિવાસીઓમાં કેવા પરિવર્તનો થયા છે. તેની પણ ચર્ચા કરવામાં આવી છે.

**પ્રસ્તાવના :**

આદિવાસીઓ ભારત જેવા વૈવિધ્ય ધરાવતા દેશનું અભિન્ન અંગ છે. આદિવાસી સમાજ આજે પણ અન્ય જુથો કરતા વિકાસની પ્રક્રિયાઓમાં મુખ્યધારાથી ઘણો પાછળ છે. તેઓ ખાદ્ય સંકલન, શિકાર, ખેતી, મજુરી, ખેત મજુરી અને પશુપાલનથી જીવનનિર્વાહ ચલાવે છે. નોકરી અને સારી આવકવાળા વ્યવસાયોમાં આદિવાસીઓનું પ્રમાણ ઘણું ઓછુ છે. આજના આધુનિક યુગમાં પણ આદિવાસીઓના સમાજ જીવનમાં  પરંપરાગત સામાજીક રૂઢીઓ અને ધાર્મિક માન્યતાઓ ઘણી અગત્યતા ધરાવે છે. આજના આધુનિક પરિવર્તન પામતા સમાજમાં આદિવાસીઓની ઘણી સમસ્યાઓ છે. આદિવાસીઓની શૈક્ષણિક સ્થિતિ અન્ય સમાજો કરતા નબળી છે. તેમજ નબળી આર્થિક સ્થિતિ, શોષણ, દેવુ, ગરીબી અને બેરોજગારી તથા નબળુ આરોગ્ય જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. શિક્ષણ દ્વારા સમાજનો વિકાસ કરી શકાય છે. અને સમાજમાં પરિવર્તન લાવી શકાય છે. ૧૮૭૧-૭૨ પહેલા આદિવાસી વિસ્તારોમાં શાળા શરૂ કરવાના કોઈ વ્યવસ્થિત પ્રયાસો રજવાડાઓ દ્વારા કરાયા ન હત. તેમ છતા અંગ્રેજોએ આદિવાસી શિક્ષણમાં રસ દાખવ્યો  હોવાનું જણાય છે. સરકારી શિક્ષણની શરૂઆત નર્મદા કિનારે ૧૮૬૪-૬૫માં થઈ હોવાનું જણાય છે. ૧૮૮૨માં અંગ્રેજ સરકારે "ધ ઇંડિયન એજ્યુકેશન કમિશન" ની રચના કરી તેમાં આદિવાસીઓના શિક્ષણ માટે તેમને ધ્યાનમાં રાખીને શાળાઓની સ્થાપનાની ભલામણ પણ કરી. ખ્રિસ્તી મિશનરીઓએ પણ આદિવાસીઓને શિક્ષણ મળે તે માટે મંજુરી આપી. ટુંકમાં, આદિવાસીઓના શિક્ષણ માટે અંગ્રેજ શાસનના સમયથી પ્રયત્નો થયા છે. પરંતુ તેમા સંપુર્ણ સફળતા મળી નથી. આજે પણ આદિવાસીઓમાં શિક્ષણના વિકાસની સામે ઘણા પ્રશ્નો યથાવત છે.

વિશ્વમાં આદિવાસી વસ્તીનું સૌથી વધુ પ્રમાણ આફ્રિકામાં છે. જ્યારે બીજો ક્રમ વિશ્વમાં ભારતનો આવે છે. ભારતમાં આદિવાસીઓ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે સામાન્ય વસ્તીની તુલનામાં આજે પણ પાછળ છે. ભારતના બંધારણની ૩૬૬ કલમ હેઠળ તેઓને આદિવાસી તરીકે જાહેર કરવામાં આવેલ છે. સમગ્ર ભારતમાં ૫૭૪ જેટલા જુદા-જુદા આદિવાસી સમુદાયો વસવાટ કરે છે. આદિજાતિઓને સામાજીક ન્યાય મળે અને શોષણ સામે રક્ષણ મળે એ માટે કેટલીક બંધારણીય જોગવાઈઓ કરવામાં આવી છે.

**સંશોધન અભ્યાસના હેતુઓ :**

(૧) ભારતમાં આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ જાણવું.

(૨) ભારતમાં આદિવાસી સમુદાયમાં શિક્ષણ થકી આવેલ પરિવર્તનોની જાણકારી મેળવવી.

**સંશોધન અભ્યાસની પધ્ધતિ :**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ભારતમાં આદિવાસી સમુદાયની શૈક્ષણિક સ્થિતિ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ભારતમાં આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ જાણવા માટે દસ્તાવેજી માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સંશોધન અભ્યાસ સંપુર્ણ ગૌણ માહિતી પર આધારિત છે.

VIDHYAYANA

**ભારતમાં આદિવાસીઓમાં શૈક્ષણિક સ્થિતિ :**

શિક્ષણ એ સામાજીક અને આર્થિક રીતે ઉત્પાદકીય મુડીરોકાણ છે. શિક્ષણ એ માનવીના વિકાસમાં ખુબજ મહત્વનો ભાગ ભજવે છે. ભારતમાં સામાન્ય રીતે આદિવાસી મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ ખુબજ ઓછુ છે. સાક્ષરતાનું પ્રમાણ ઓછુ હોવાના અનેક કારણો છે. જેમાં સૌથી પહેલુ કારણ તપાસીએ તો જણાશે કે આદિવાસીઓમાં ગરીબીનું પ્રમાણ ખુબજ ઊંચુ છે. ગરીબીને કારણે તેઓ વધુ વસ્તી વધારા તરફ પ્રેરાય છે. એવુ અનેક જુદા-જુદા અભ્યાસો ઉપરથી જાણવા મળેલ છે. (ડ્રેઝ જે. ૨૦૦૩) તેઓ વધુ સંતાનો આર્થિક પ્રવુતિમાં મદદરૂપ થાય તે હેતુથી તેને આવકારે છે. પરંપરાગત રીતે આ પ્રકારની અનેક જુની માન્યતાઓ હજુ પણ આદિવાસી સમાજમાં જોવા મળે છે. આવી માન્યતાઓ દુર કરવા માટે શિક્ષણનું પ્રમાણ વધે એજ આનો ઉપાય છે.

ભારતમાં આઝાદી પછી સરકારે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું પ્રમાણ વધે તે હેતુથી ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણ પર વધુ ધ્યાન આપ્યુ છે. તદુપરાંત શૈક્ષણિક સાધનો મળી રહે

તેવી વ્યવસ્થા ગોઠવેલ છે. મફત પ્રાથમિક શિક્ષણ, મધ્યાહન ભોજન અને સમયાંતરે બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવે છે. અને બાળકો માટે ગ્રામીણ વિસ્તારમાં છાત્રાલયો પણ ખોલવામાં આવેલ છે. સરકારના આ સામુહિક પ્રયાસને કારણે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું પ્રમાણ વધી રહ્યુ છે. તેમ છતા ભારતમાં સાક્ષરતા દર અને ભારતના આદિવાસીઓમાં સાક્ષરતા દર વચ્ચે મોટો તફાવત જોવા મળે છે. જે નીચેના કોષ્ટકોના આંકડાઓ પરથી ખ્યાલ આવશે.

**કોષ્ટક નં-૧ ભારતમાં આદિવાસીઓમાં સાક્ષરતા દર (વર્ષવાર અને ટકાવારીમાં)**

| ક્રમ | વર્ષ | ભારતમાં સાક્ષરતા દર | આદિવાસીઓમાં સાક્ષરતા દર | સામાન્ય સાક્ષરતા દર અને આદિવાસીઓમાં સાક્ષરતા દર |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૬૧ | ૨૮.૦૩ | ૮.૫૩ | ૧૯.૭૭ |
| ૨ | ૧૯૭૧ | ૩૪.૪૫ | ૧૧.૩૦ | ૧૮.૧૫ |
| ૩ | ૧૯૮૧ | ૪૩.૫૭ | ૧૬.૩૫ | ૧૯.૮૮ |
| ૪ | ૧૯૯૧ | ૫૨.૨૧ | ૨૯.૬૦ | ૨૨.૬૧ |
| ૫ | ૨૦૦૧ | ૬૪.૮૩ | ૪૭.૧૦ | ૧૮.૨૮ |
| ૬ | ૨૦૧૧ | ૭૪.૦૪ | ૫૮.૯૬ | ૧૪.૦૩ |

Source: Statistical profile of Scheduled tribes in India 2013

census of India 2011

VIDHYAYANA

ઉપરોક્ત કોષ્ટકને જોતા જણાય છે કે ભારતના સામાન્ય સાક્ષરતા દર કરતા આદિવાસીઓમાં સાક્ષરતા દર ઘણો ઓછો જોવા મળે છે. છેલ્લા છ વર્ષના આંકડા જોતા લાગે છે વર્ષ ૧૯૬૧માં ભારતનો સાક્ષરતા દર ૨૮.૦૩% હતો. જ્યારે આદિવાસીઓમાં સાક્ષરતા દર ૮.૫૩% જ હતો. બન્ને દર વચ્ચે ૧૯.૭૭%નો તફાવત હતો. ૨૦૧૧ના સેન્સસના આંકડા મુજબ જોતા ભારતનો સાક્ષરતા દર ૭૪.૦૪% છે. જેની સરખામણીમાં આદિવાસીઓમાં સાક્ષરતા દર ૫૮.૯૬% જ થઇ શક્યો છે. ભારત અને ભારતના આદિવાસીઓમાં સાક્ષરતા દરમાં ૧૪.૦૩%નો તફાવત જોવા મળે છે. આ તફાવત જોતા એવુ જણાય છે કે આદિવાસીઓમાં શિક્ષણની સ્થિતિમાં સુધારો થાય એ માટે વધુને વધુ પ્રયાસો સરકારે હાથ ધરવા જોઈએ. કારણ કે કોષ્ટકમાં જોતા આદિવાસીઓના શિક્ષણમાં વર્ષવાર વધારો થાય છે.પરંતુ એ વધારો ભારતની સરખામણીએ ખુબજ ઓછો છે.

**કોષ્ટક નં-૨ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ વાર આદિવાસીઓમાં સાક્ષરતા દર (સેન્સસ ૨૦૧૧)**

(ટકાવારીમાં)

| ક્રમ | રાજ્ય/કે.શા.પ્રદેશ | કુલ | | | ગ્રામીણ | | | શહેર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી |
| ૧ | આંધ્રપ્રદેશ | ૪૯.૨ | ૫૮.૩ | ૪૦.૧ | ૪૬.૯ | ૫૬.૧ | ૩૭.૭ | ૬૬.૮ | ૭૪.૭ | ૫૮.૭ |
| ૨ | અરુણાચલ પ્રદેશ | ૬૪.૬ | ૭૧.૫ | ૫૮.૦ | ૬૦.૪ | ૬૭.૭ | ૫૩.૩ | ૮૪.૬ | ૯૦.૩ | ૭૯.૪ |
| ૩ | આસામ | ૭૨.૧ | ૭૯.૦ | ૬૫.૧ | ૭૦.૯ | ૭૮.૦ | ૬૩.૮ | ૯૦.૦ | ૯૩.૭ | ૮૬.૩ |
| ૪ | બિહાર | ૫૧.૧ | ૬૧.૩ | ૪૦.૪ | ૫૦.૩ | ૬૦.૭ | ૩૯.૫ | ૬૫.૩ | ૭૨.૫ | ૫૭.૬ |
| ૫ | છત્તીસગઢ | ૫૯.૧ | ૬૯.૭ | ૪૮.૮ | ૫૭.૬ | ૬૮.૪ | ૪૭.૧ | ૭૬.૯ | ૮૪.૯ | ૬૯.૦ |
| ૬ | ગોવા | ૭૯.૧ | ૮૭.૨ | ૭૧.૫ | ૭૮.૪ | ૮૬.૪ | ૭૦.૪ | ૮૦.૨ | ૮૮.૩ | ૭૨.૭ |
| ૭ | ગુજરાત | ૬૨.૫ | ૭૧.૭ | ૫૩.૨ | ૬૧.૩ | ૭૦.૭ | ૫૧.૮ | ૭૨.૭ | ૮૦.૦ | ૬૫.૧ |
| ૮ | હરિયાણા | - | - | - | - | - | - | - | - | - |
| ૯ | હિમાચલ પ્રદેશ | ૭૩.૬ | ૮૩.૨ | ૬૪.૨ | ૭૩.૦ | ૮૨.૭ | ૬૩.૪ | ૮૭.૪ | ૯૨.૫ | ૮૧.૯ |
| ૧૦ | જમ્મુ અને કશ્મીર | ૫૦.૬ | ૬૦.૬ | ૩૯.૭ | ૪૯.૧ | ૫૯.૩ | ૩૮.૩ | ૭૧.૭ | ૭૯.૬ | ૬૨.૬ |
| ૧૧ | ઝારખંડ | ૫૭.૧ | ૬૮.૨ | ૪૬.૨ | ૫૫.૨ | ૬૬.૬ | ૪૩.૯ | ૭૫.૪ | ૮૩.૨ | ૬૭.૮ |
| ૧૨ | કર્ણાટક | ૬૨.૧ | ૭૧.૧ | ૫૩.૦ | ૫૯.૦ | ૬૮.૫ | ૪૯.૪ | ૭૪.૮ | ૮૧.૯ | ૬૭.૭ |
| ૧૩ | કેરલા | ૭૫.૮ | ૮૦.૮ | ૭૧.૧ | ૭૪.૦ | ૭૯.૩ | ૬૯.૦ | ૯૦.૪ | ૯૨.૭ | ૮૮.૨ |
| ૧૪ | મધ્યપ્રદેશ | ૫૦.૬ | ૫૯.૬ | ૪૧.૫ | ૪૯.૩ | ૫૮.૪ | ૪૦.૧ | ૬૬.૭ | ૭૪.૦ | ૫૯.૨ |
| ૧૫ | મહારાષ્ટ્ર | ૬૫.૭ | ૭૪.૩ | ૫૭.૦ | ૬૩.૨ | ૭૨.૨ | ૫૪.૧ | ૮૦.૩ | ૮૬.૧ | ૭૪.૧ |
| ૧૬ | મણિપુર | ૭૭.૪ | ૮૨.૧ | ૭૨.૭ | ૭૫.૯ | ૮૦.૮ | ૭૧.૧ | ૮૭.૭ | ૯૧.૬ | ૮૩.૯ |
| ૧૭ | મેઘાલય | ૭૪.૫ | ૭૫.૫ | ૭૩.૫ | ૭૧.૦ | ૭૨.૨ | ૬૯.૮ | ૯૧.૩ | ૯૨.૩ | ૯૦.૩ |
| ૧૮ | મિઝોરમ | ૯૧.૫ | ૯૩.૬ | ૮૯.૫ | ૮૪.૫ | ૮૬.૬ | ૮૦.૨ | ૯૭.૯ | ૯૮.૪ | ૯૭.૫ |
| ૧૯ | નાગાલેંડ | ૮૦.૦ | ૮૩.૧ | ૭૬.૯ | ૭૬.૦ | ૭૯.૫ | ૭૨.૪ | ૯૨.૬ | ૯૪.૬ | ૯૦.૬ |
| ૨૦ | ઓરિસ્સા | ૫૨.૨ | ૬૩.૭ | ૪૧.૨ | ૫૧.૧ | ૬૫.૭ | ૩૯.૯ | ૬૯.૧ | ૭૭.૭ | ૬૦.૫ |
| ૨૧ | પંજાબ | - | - | - | - | - | - | - | - | - |
| ૨૨ | રાજસ્થાન | ૫૨.૮ | ૬૭.૬ | ૩૭.૩ | ૫૧.૭ | ૬૬.૭ | ૩૬.૧ | ૬૯.૦ | ૮૧.૦ | ૫૫.૬ |
| ૨૩ | સિક્કિમ | ૭૯.૭ | ૮૫.૦ | ૭૪.૩ | ૭૭.૫ | ૮૩.૨ | ૭૧.૪ | ૮૯.૨ | ૯૨.૯ | ૮૫.૬ |
| ૨૪ | તમિલનાડુ | ૫૪.૩ | ૬૧.૮ | ૪૬.૮ | ૫૧.૩ | ૫૯.૦ | ૪૩.૬ | ૬૯.૧ | ૭૫.૪ | ૬૨.૭ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૫ | ત્રિપુરા | ૭૯.૧ | ૮૬.૪ | ૭૧.૬ | ૭૮.૪ | ૮૬.૦ | ૭૦.૭ | ૯૨.૨ | ૯૪.૮ | ૮૯.૭ |
| ૨૬ | ઉત્તર પ્રદેશ | ૫૫.૭ | ૬૭.૧ | ૪૩.૭ | ૫૪.૫ | ૬૬.૨ | ૪૨.૩ | ૬૭.૦ | ૭૪.૮ | ૫૮.૦ |
| ૨૭ | ઉતરાખંડ | ૭૩.૯ | ૮૩.૬ | ૬૩.૯ | ૭૨.૪ | ૮૨.૫ | ૬૨.૦ | ૮૮.૩ | ૯૩.૭ | ૮૨.૬ |
| ૨૮ | પશ્ચિમ બંગાળ | ૫૭.૯ | ૬૮.૨ | ૪૭.૭ | ૫૬.૭ | ૬૭.૨ | ૪૬.૨ | ૭૧.૨ | ૭૮.૪ | ૬૪.૦ |
| ૨૯ | આંદોબાર નિકોબાર | ૭૫.૬ | ૮૦.૯ | ૬૯.૯ | ૭૪.૨ | ૭૯.૮ | ૬૮.૨ | ૯૫.૨ | ૯૮.૦ | ૬૨.૬ |
| ૩૦ | ચંદીગઢ | - | - | - | - | - | - | - | - | - |
| ૩૧ | દાદરા અને નગર હવેલી | ૬૧.૯ | ૭૩.૬ | ૫૦.૩ | ૫૮.૫ | ૭૦.૮ | ૪૬.૩ | ૭૯.૫ | ૮૮.૦ | ૭૧.૧ |
| ૩૨ | દમણ અને દીવ | ૭૮.૮ | ૮૬.૨ | ૭૧.૨ | ૭૯.૬ | ૮૭.૫ | ૭૧.૭ | ૭૮.૦ | ૮૫.૦ | ૭૦.૭ |
| ૩૩ | દિલ્લી | - | - | - | - | - | - | - | - | - |
| ૩૪ | લક્ષદ્વીપ | ૯૧.૭ | ૯૫.૭ | ૮૭.૮ | ૯૧.૫ | ૯૪.૭ | ૮૮.૩ | ૯૧.૮ | ૯૬.૦ | ૮૭.૬ |
| ૩૫ | પૉંડિચેરી | - | - | - | - | - | - | - | - | - |
| | **ભારત** | **૫૯.૦** | **૬૮.૫** | **૪૯.૪** | **૫૬.૯** | **૬૬.૮** | **૪૬.૯** | **૭૬.૮** | **૮૩.૨** | **૭૦.૩** |

Source: Statistical profile of Scheduled tribes in India 2013

VIDHYAYANA

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં રાજ્યવાર જોતા આદિવાસી સ્ત્રી અને પુરુષોમાં ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં કુલ સાક્ષરતા દરનું પ્રમાણ સૌથી વધુ મિઝોરમમાં ૯૧.૫% છે. જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશમાં સૌથી વધુ કુલ સાક્ષરતા દરનું પ્રમાણ લક્ષદ્વીપમાં ૯૧.૭% છે. બીજી તરફ જોતા ભારતના રાજ્યોમાં આદિવાસીઓમાં સૌથી ઓછો કુલ સાક્ષરતા દર આંધ્રપ્રદેશમાં ૪૯.૨% છે. જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશમાં સૌથી ઓછો કુલ સાક્ષરતા દર દાદરા અને નગર હવેલીમાં ૬૧.૯% છે. ઉક્ત માહિતી પરથી એવુ પણ સ્પષ્ટ થાય છે કે આદિવાસી સમુદાયમાં દરેક રાજ્ય તથા કેન્દ્રશાસિત પ્રદેશમાં પુરુષની સરખામણીએ સ્ત્રી સાક્ષરતા દર ખુબજ નીચો રહ્યો છે.

**આદિવાસી સમુદાયમાં શિક્ષણ થકી આવેલ પરિવર્તનો :**

આજનો આદિવાસી સમુદાય શિક્ષણના મહત્વને સમજ્યો છે. તેઓ જાણે છે કે જ્ઞાનનો મહત્વનો સ્ત્રોત શિક્ષણ છે. અને આધુનિક યુગ શિક્ષણનો યુગ છે. તેથી તેઓ વધુ ને વધુ શિક્ષણ લેવામાં સક્ષમ થયા છે. આદિવાસી સમુદાયમાં શિક્ષણનું પ્રમાણ સતત વધતુ જોવા મળે છે. ૨૦૦૧માં ભારતમાં આદિવાસી સમુદાયમાં શિક્ષણનું પ્રમાણ ૪૭.૧૦% હતુ. તે વધીને ૨૦૧૧માં ૫૮.૯૬% થયુ છે. જેથી કહી શકાય કે આદિવાસીઓમાં શિક્ષણના પ્રમાણમાં વધારો થયો છે. અંતરિયાળ ગ્રામીણ વિસ્તારમાં પણ આદિવાસીઓ પોતાના બાળકોને નજીકની શાળા અને આશ્રમશાળાઓમાં શિક્ષણ માટે મોકલે છે. આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓ માટે ખાસ શૈક્ષણિક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેમ કે આશ્રમશાળાઓ, ઉત્તર-બુનીયાદી શાળાઓ, કુમાર-કન્યા છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓ, સરસ્વતી સાઈકલ યોજના, બુકબેંક યોજના વગેરે. ઉપરાંત આદિવાસી શિક્ષણ ઉત્કર્ષ માટે રાજ્ય સરકાર દ્વારા બાલવાડી, આશ્રમશાળાઓ, એકલવ્ય વિદ્યાલય, સરકારી છાત્રાલયો અને ડ્રાય હોસ્ટેલ શરૂ કર્યા છે. જેનો પુરતો લાભ આદિવાસીઓએ પુરતો લાભ મેળવ્યો છે.

આદિવાસીઓના શૈક્ષણિક વિકાસમાં આશ્રમશાળાઓ અને છાત્રાલયોની મહત્વની ભૂમિકા રહી છે. આજે પણ તેઓ તેનો પુરતો લાભ મેળવીને આગળ આવે છે. રાજ્યની સ્વૈચ્છિક સંસ્થાઓમાં પંચમહાલમાં ભીલ સેવા મંડળ, બનાસકાંઠાની લોક નિકેતન સંસ્થા, સાબરકાંઠામાં આદિવાસી સેવા સમિતિ, વડોદરામાં શ્રી વડોદરા જીલ્લા પછાત સેવા મંડળ, ભરૂચમાં આદિજાતિ સેવા સમિતિ, સુરતમાં રાનીપરજ સેવા સમિતિ, વેડછી આશ્રમ અને હળપતિ સેવા સંઘ, વલસાડમાં દક્ષિણ ગુજરાત પછાત સેવા મંડળ અને ડાંગમાં સ્વરાજ આશ્રમની કામગીરી મહત્વની છે.

આશ્રમ શાળાઓમાં પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ મેળવ્યા પછી ઉચ્ચ અભ્યાસ માટે રાજ્યની બધીજ યુનિવર્સિટીઓમાં આદિવાસીઓનું નોંધપાત્ર પ્રમાણ જોઈ શકાય છે. હવેના સમયમાં ટેકનીકલ, આઈ.ટી.આઈ, પોલીટેકનીક, ડેન્ટલ, મેડીકલ, ફીઝીઓથેરાપી, નર્સિંગ, કોમ્પ્યુટર, આઈ.ટી, બી.બી.એ, એમ.બી.એ, બી.સી.એ, એમ.સી.એ, ફાઈન આર્ટસ વગેરે શૈક્ષણિક ક્ષેત્રમાં આદિવાસીઓ ઉચ્ચ શિક્ષણ મેળવે છે. અને પોતાની કારકિર્દી બનાવે છે. જે માટે તેઓ પોતાના વતનથી દુર શહેરોમાં હોસ્ટેલોમાં રહીને ઉચ્ચ અભ્યાસ કરે છે.

અત્યાર સુધી આદિવાસી સમાજ પરંપરાગત ખેતી, પશુપાલન, શિકાર કરવો, ઉધોગ-ગૃહ ઉધોગ અને મજુરી જેવા વ્યવસાયો સાથે સંકળાયેલો હતો. પરંતુ વર્તમાન સમયમાં તેઓ પોતાની

રીતે આગળ આવી સારૂ શિક્ષણ મેળવીને સરકારી નોકરીઓ તરફ વળ્યા છે. જેમાં તેમને સરકારની અનામતની નીતિ ખુબજ સહાયક બની સભ્ય સમાજ સમકક્ષ તેઓ સરકારી ઓફીસોમાં વર્ગ-૧ અને વર્ગ-૨ના ઘણા સ્થાનો પર અસરકારક કાર્ય કરતા જોવા મળે છે. ટેકનીકલ શિક્ષણ મેળવેલ આદિવાસીઓએ ઔધોગિક ક્ષેત્રમાં પોતાના કાર્યનો પ્રારંભ કર્યો છે. રિલાયન્સ, એલ એન્ડ ટી, જી.એસ.એફ.સી જેવા પ્રતિષ્ઠિત ઔધોગિક સંગઠનોમાં ખુબજ કાર્યક્ષમ રીતે તેઓ કાર્ય કરી રહ્યા છે. જેના પરિણામે અનેક આદિવાસીઓને કંપની તરફથી વિદેશમાં જવાની પણ તક મળી છે. એટલે કે આજે આદિવાસી સમાજનો એક સાપેક્ષ રીતે નાના વર્ગ વિદેશ સાથે પણ જોડાયેલ જોવા મળે છે. પોતાની શૈક્ષણિક યોગ્યતા પ્રમાણે આદિવાસીઓનો અન્ય વ્યવસાયો અને બજારો સાથેનો સંપર્ક પણ વધ્યો છે. શહેરમાં અને નાના ગામોમાં પણ આદિવાસી ભાઈઓએ જરૂરિયાત મુજબ પોતાના ધંધાઓ શરૂ કર્યા છે. જેમકે દુકાન, બ્યુટી પાર્લર, વીમા એજન્ટ, કોન્ટ્રાકટર, ઝેરોક્ષ, મોબાઈલ શોપ વગેરે. ગામડામાંથી શહેરમાં મજુરી માટે આવેલો આદિવાસી થોડા વર્ષોમાં કોન્ટ્રાકટર થઈ જતો જોવા મળે છે.

આધુનિક શિક્ષણ , વ્યવસાય અને સ્થળાંતર, ઉધોગીકરણ-શહેરીકરણ, વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહાર, સંચાર માધ્યમો વગેરે પરીબળોના લીધે આજના આદિવાસીઓની જીવનશૈલીમાં બદલાવ જોઈ શકાય છે. શહેરના આદિવાસી સમાજે તો સભ્ય સમાજની જીવનશૈલી અપનાવી છે. ગામડાના આદિવાસીઓના જીવન પણ બદલાયા છે. શિક્ષણના કારણે રહેઠાણની ઢબ બદલાઈ છે. નવા બનતા મકાનોની રચના બદલાઈ છે, ઘરનું ફર્નીચર બદલાયુ છે. આદિવાસીઓના મધ્યમ કક્ષાના ગામોમાં સોસાયટીઓ બની છે. જેમાં આદિવાસી કુટુંબ રહે છે. એટલે કે તેઓ ફળિયામાં રહેતા હતા ત્યાંથી સોસાયટીઓમાં રહેવા ગયા છે. તેમના ઘરમાં ટી.વી, ફ્રીઝ, ટુ-વ્હીલર એ સામાન્ય જરૂરિયાત બન્યા છે. વધુ આવક અને જરૂરિયાત મુજબ તેઓમાં કોમ્પ્યુટર, ફોર-વ્હીલર વગેરેનું પ્રમાણ પણ વધતુ જાય છે. તેમજ વહીવટી અધિકારીઓ અને સ્વૈચ્છિક સંગઠનોના કાર્યકરો પહેલા આદિવાસી પ્રજાને ગમે તે સમજાવી શકતા હતા. પરંતુ હવે શિક્ષણના કારણે ગામડાઓમાં આદિવાસીઓ પણ જાગૃત થયા છે. તેઓ અધિકારીઓ અને સંસ્થાના કાર્યકર્તાઓ પાસે વિકાસના કાર્યો વિશે વિગતે જવાબ માંગે છે. કામ ન થાય તો વિરોધ પણ કરે છે. ભ્રષ્ટાચાર અંગેની ફરિયાદો અને વિરોધો તેઓ સામુહિક રીતે બહાર આવીને કરતા થયા છે.

આમ, તાજેતરના સમયમાં આદિવાસીઓમાં શિક્ષણ, વ્યવસાય, વાહન-વ્યવહાર, સંદેશા-વ્યવહાર, કાયદા-કાનુન વગેરે પરીબળોના લીધે ઝડપથી જાગૃતિ વધતી જાય છે. શિક્ષણના કારણે તેઓનુ આંતરિક સબંધોનું નેટવર્ક ખુબજ મજબુત અને અસરકારક રીતે કામ કરે છે. તેઓ પોતાના અલગ મંડળો રચે છે, નવા સેલ ઉભા કરે છે. પોતાના હકો વિશે એકબીજાને જાણકારી આપે છે. અને સરકારી લાભો લે છે અને અપાવે છે. આમ, તેઓ સમાજ જીવનના દરેક ક્ષેત્રમાં આગળ આવ્યા છે. અને તેમનો સર્વાંગી વિકાસ થયો છે.

**ઉપસંહાર :**

**આદિવાસી સમુદાયમાં શિક્ષણના સ્તરમાં ધીમો વધારો જોવા મળે છે. પરંતુ તે ભારતની સરખામણીમાં નીચો રહ્યો છે. તેથી આદિવાસીઓની આર્થિક તેમજ સામાજીક સ્થિતિમાં સુધારો કરવા માટે તથા વૈશ્વિકિકરણના પ્રવાહ સાથે તાલ મિલાવવા માટે માત્ર શિક્ષણ જ મહત્વનું અંગ બની રહે છે. તેથી આદિવાસી સમુદાયમાં વધુને વધુ શિક્ષણનો ફેલાવો થાય અને શિક્ષણનુ સ્તર ઊંચુ આવે એ પ્રકારની સરકારે શિક્ષણની નિતી ઘડવી જોઈએ. આદિવાસીઓમાં ગરીબી, બેકારીની સ્થિતિ ચિંતાજનક છે. તેથી આદિવાસીઓને સારુ શિક્ષણ તથા વ્યવસાયલક્ષી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય તે ખુબજ જરૂરી છે.**

**સંદર્ભ સૂચિ :**

I. ગામીત જી.પી. (૨૦૧૮ એપ્રિલ) વારલી આદિવાસીઓમાં શિક્ષણની સ્થિતિનો અભ્યાસ. Knowledge Consortium of Gujarat, Journal of Social Science- ISSN :2279-0268

II. કોંકણી કે.બી. (૨૦૧૨ સપ્ટેમ્બર) ભારતમાં આદિવાસીઓમાં શિક્ષણનો વિકાસ. Indian Journal of Research

III. પંડ્યા એમ.એન (૨૦૧૪ જુલાઈ-ઓગસ્ટ) આદિવાસી સમાજમાં પરિવર્તનની લહેર. Knowledge Consortium of Gujarat, Journal of Social Science- ISSN :2279-0241

IV. રામાણી વી.સી. (૨૦૧૬ જાન્યુઆરી) આદિવાસી સમુદાયમાં મહિલા શિક્ષણ: સમસ્યાઓ અને ઉકેલો. યોજના જાન્યુઆરી ૨૦૧૬

**વેબસાઈટ :**

I. censusindia.gov.in

II. www.tribal.nic.in